યા દેવી સર્વભૂતેષુ વિદ્યા રૂપેણ સંસ્થિતામ્, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૯૭ | ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૭, મંગળવાર ; આસો સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### હાલ કોઈ નવી પાર્ટી નહી : મુલાયમસિંહ

પુત્ર સાથે વિવાદો બાદ નવી પાર્ટી બનાવશે તેવી આશંકાઓને રદિયો આપતા મુલાયમસિંહે કહ્યું છે કે હાલમાં નવી પાર્ટી બનાવવાની તેમની કોઈ ઈચ્છા નથી. મારા આશીર્વાદ પુત્ર સાથે છે.

### તૃણમૂલમાંથી સીનીયર નેતાનું રાજીનામુ

તૃણમૂલ કોંગ્રેસના સીનીયર નેતા મુકુલ રોય દૂર્ગાપૂજા પછી પાર્ટી અને સાંસદ પદ પરથી રાજીનામુ આપશે. મમતાની નજીક મનાતા મુકુલ રોયના રાજીનામાથી પાર્ટીને મોટો ઝડકો લાગશે.

### બાલીમાં જ્વાળામુખી સક્રિય થતાં ૩૫ હજાર લોકોને ખસેડાયા

ઈન્ડોનેશિયાના બાલી આઈલેન્ડ પર જ્વાળામુખી ફાટવાની શક્યતાઓને પગલે અંદાજિત ૩૫ હજાર લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી ૧૨ કિમીનો વિસ્તાર ખાલી કરાયો છે.

### સંસદ વિસ્તારમાં ડ્રોનની અવરજવર

છેલ્લા બે અઠવાડિયામાં દિલ્હીમાં ડ્રોન જોવા મળ્યાના ત્રણ બનાવો બન્યા છે. જેમાં એક કેસમાં સંસદ નજીક ડ્રોન જોવા મળ્યુ હતુ. આ બનાવોને કારણે દિલ્હી પોલીસ દોડતી થઈ ગઈ છે પરંતુ ડ્રોનનું લોકેશન મળ્યુ નથી.

# સૌભાગ્ય યોજના - સહજ વિજળી હર ઘર

## ગરીબોને ૨૪ કલાક વિજળી આપતી ૧૬૩૨૦ કરોડની મહાકાય સૌભાગ્ય યોજના લોંચ : દરેક ઘર, દરેક ગામ, દરેક શહેરને વિજળી આપવા માટે હેતુ : ૩૧મી માર્ચ ૨૦૧૯ સુધી લક્ષ્યને પૂર્ણ કરાશે



નવીદિલ્હી, તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગ્રામીણ અને શહેરી ક્ષેત્રોમાં તમામ ઘર સુધી વિજળી પહોંચાડવા માટે આજે સૌભાગ્ય યોજનાની શરૂઆત કરી હતી. વડાપ્રધાન જનસંઘના વિચારક દિનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિ પર દેશને કેટલીક મહત્વપૂર્ણ માહિતી આપી હતી. સૌભાગ્ય યોજનાનો મતલબ પ્રધાનમંત્રી સહજ વિજળી દરેક ઘરની યોજના છે. આ હેઠળ દરેક ગામ, દરેક શહેરના દરેક ઘર સુધી વિજળી પહોંચાડવાનું લક્ષ્ય રાખ્યું છે. ૩૧મી માર્ચ ૨૦૧૯ સુધી આને પૂર્ણ કરી લેવામાં આવશે. આ યોજના હેઠળ ૨૦૧૧માં સામાજિક, આર્થિક અને જાતિ વસ્તીગણતરીમાં નોંધાયેલા ગરીબોને વિજળી કનેક્શન મફતમાં આપવામાં આવશે જે લોકોના નામ આ વસતી ગણતરીમાં નથી તે પણ ૫૦૦ રૂપિયાની ચુકવણી કરીને વિજળીના કનેક્શન મેળવી શકશે. આ રકમનો ૧૦ ઈન્સ્ટોલમેન્ટમાં વિજળીના બિલના રુપમાં લેવામાં આવશે. સૌભાગ્ય યોજના હેઠળ દુરગામી ક્ષેત્રોમાં વિજળીથી વંચિત આવાસોને મોદી સરકાર બેટરી બેંક ઉપલબ્ધ કરાવશે જેમાં ૨૦૦થી ૩૦૦ ડબલ્યુપીના સોલાર પાવર ટેક છે. જેમાં પાંચ એલઈડી લાઈટો, એક ડીસી ફેન અને એક ડીસી પાવરપ્લગ તથા પાંચ વર્ષ માટે રિપેરિંગનો સમાવેશ થાય છે. સૌભાગ્ય યોજના હેઠળ બિહાર, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, ઝારખંડ, જમ્મુ કાશ્મીર, રાજસ્થાન અને પૂર્વોત્તર રાજ્યો સામેલ છે. સૌભાગ્ય યોજનાનું કુલ બજેટ ૧૬૩૨૦ કરોડ રાખવામાં આવ્યું છે. સરકારી સહાયતા તરીકે ૧૨૩૨૦ કરોડ રૂપિયાની વ્યવસ્થા કરવામાં આવી છે. ગ્રામીણ આવાસોમાં વિજળી પહોંચાડવા પર ૧૪૦૨૪ કરોડ અને શહેરી આવાસોમાં ૧૭૩૨.૫૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. મોદીએ સૌભાગ્ય સ્કીમની શરૂઆત કરી હતી જે ૨૪ કલાક વિજળી ગરીબોને ઉપલબ્ધ કરાવશે. તમામ ગ્રામીણ અને શહેરી પરિવારોને આની હેઠળ આવરી લેવામાં આવશે. નવી ફ્લેગશીપ સ્કીમની શરૂઆત કરવામાં

**આઠ મોટી યોજના...**

- સૌભાગ્ય યોજના સહજ વિજળી હર ઘર
- શિક્ષણ સેવામાં સુધારની જાહેરાત
- આરોગ્ય સેવામાં સુધાર માટેની જાહેરાત
- નાગરિક સુરક્ષા ઉપર વિશેષ યોજના જાહેર કરાઈ
- મહિલાઓના સારા જીવન માટે ખાસ યોજના જાહેર
- રોજગારને વધારવા માટે ખાસ યોજના જાહેર કરાઈ
- દૂર સંચારના ક્ષેત્રમાં ખાસ યોજના જાહેર કરાઈ

● અનુસંધાન પાન-૭ પર

## બીએચયુ હોબાળાને પગલે નરેન્દ્ર મોદી ભારે ચિંતિત

વારાણસી,તા. ૨૫

વારાણસી હિન્દુ યુનિવર્સીટીમાં વિદ્યાર્થીની સાથે છેડતી અને વિદ્યાર્થીઓ ઉપર લાઠીચાર્જના મામલામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે વાતચીત કરી છે. સુત્રોના કહેવા મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટનાને ખુબ જ ગંભીરતા સાથે લીધી છે.

# કાર્તિ ચિદમ્બરમની સંપત્તિ જપ્ત

### એરસેલ-મેક્સિસ ડિલમાં ઇડી દ્વારા મોટી કાર્યવાહી કરાતા રાજકીય વર્તુળોમાં ખળભળાટ : કાર્તિ સામે લુકઆઉટ સરક્યુલર જારી

નવીદિલ્હી, તા. ૨૫

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે એરસેલ મેક્સિસ બિલ મામલામાં પૂર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમના પુત્ર કાર્તિ ચિદમ્બરમની સામે મોટી કાર્યવાહી કરી છે. ઈડીએ કાર્તિ સાથે જોડાયેલી ૯૦ લાખ રૂપિયાની સંપત્તિ, બેંક એકાઉન્ટ અને એફડી જપ્ત કરી લીધી છે. ચિદમ્બરમના પુત્રની સંપત્તિ જપ્ત કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. રાજકીય વર્તુળોમાં પણ ભારે ચિંતા પ્રવર્તી રહી છે. પુર્વ નાણામંત્રી પી ચિદમ્બરમના પુત્ર સામે છેલ્લા ઘણા સમયથી કાર્યવાહી કરવામાં આવી રહી હતી. મની લોન્ડરિંગ કેસમાં કાર્તિ ચિદમ્બરમ અને તેમની એસોસિએટ્સ કંપનીની ૧.૧૬ કરોડ રૂપિયાની ફિક્સ્ડ ડિપોઝિટ અને બેંક બેલેન્સની રકમ જપ્ત કરી લેવામાં આવી છે.

એજન્સીએ નાણા મંત્રી તરીકે તેમની અવધિ દરમિયાન મલ્ટીનેશનલ કંપનીઓને તેમના પિતા

● અનુસંધાન પાન-૭ પર





# વિજય માલ્યાએ ૬૦૦૦ કરોડ ઘણી શેલ કંપનીમાં ડાયવર્ટ કર્યા

મુંબઈ, તા.૨૫

વિવાદાસ્પદ કારોબારી વિજય માલ્યાએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના નેતૃત્વમાં બેંકોના કન્સોર્ટિયમ દ્વારા મેળવવામાં આવેલી ૬૦૦૦ કરોડ રૂપિયાની લોનની રકમ શેલ કંપનીઓમાં ડાયવર્ટ કરી દીધી હતી. કેન્દ્રીય તપાસ બ્યુરો (સીબીઆઈ) અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા કરવામાં આવી રહેલી તપાસમાં આ અંગેની ચોંકાવનારી વિગત સપાટી ઉપર આવી છે. આની સાથે જ આગામી દિવસોમાં વિજય માલ્યાની તકલીફમાં વધારો થઈ શકે છે.

**સીબીઆઈ અને ઇડીની તપાસમાં નવો ચોંકાવનારો ધડાકો : ટૂંકમાં જ નવેસરથી ચાર્જશીટ દાખલ કરાશે**

સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ટૂંક સમયમાં જ કારોબારી સામે નવા તારણના આધાર ઉપર નવેસરથી ચાર્જશીટ દાખલ કરવાના સંદર્ભમાં આગળ વધશે. વિજય માલ્યા હાલમાં બ્રિટનમાં છે. વર્ષ ૨૦૧૬થી વિજય માલ્યા ભારતથી ફરાર છે અને બ્રિટનમાં રહેલા છે. માર્ચ ૨૦૧૬માં વિજય માલ્યા ભારતમાંથી ગુપ્તરીતે ફરાર થઈ ગયા હતા. આ ફંડની રકમ અડધા ડઝનથી વધુ દેશોમાં શેલ કંપનીઓને માલ્યાએ ડાયવર્ટ કરી દીધી હતી. તપાસ સંસ્થાઓ દ્વારા આ અંગેનો ચોંકાવનારો ધડાકો કરવામાં આવી ચુક્યો છે. લોન ફ્રોડ માટે પ્રથમ ચાર્જશીટ આ વર્ષે શરૂઆતમાં બંને એજન્સીઓ દ્વારા દાખલ કરવામાં આવી હતી.

# જીએસટી હેઠળ રાહત માટે એરલાઈન્સની ઉગ્ર માંગણી

### ઓપરેશનલ ખર્ચમાં સતત વધારો થઇ રહ્યો છે : પહેલાથી જ ઓછા નફામાં રહેલી જુદી જુદી એરલાઈન્સ ઉપર બિનજરૂરી બોજ આવી ગયો છે

નવીદિલ્હી,તા. ૨૫

ઈન્ડિયન એરલાઈન્સ દ્વારા ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) વ્યવસ્થા હેઠળ રાહતની માંગણી કરવામાં આવી છે. આ લોકોનું કહેવું છે કે, જીએસટી વ્યવસ્થાના પરિણામ સ્વરુપે ઈન્ડસ્ટ્રીમાં ખર્ચને લઈને તકલીફો પડી રહી છે. એરલાઈન્સો અનેક પ્રકારની તકલીફોનો સામનો કરી રહી છે. ઓછી રકમની આવક થઈ રહી છે જેના પરિણામ સ્વરુપે ઉંચા વિમાની ભાડા રાખવાની ફરજ પડી શકે છે. એરલાઈન્સો પહેલાથી જ જુદી જુદી સમસ્યાઓનો સામનો કરી રહી છે.

ભારતની ત્રણ લિસ્ટેડ કેરિયર્સ ઈન્ડિગો, જેટ એરવેઝ અને સ્પાઈસ જેટ દ્વારા સંયુક્ત નફો માર્ચમાં પુરા થયેલા વર્ષ દરમિયાન ૨૪૭૯ કરોડ રૂપિયાનો રહ્યો હતો જ્યારે નોન લિસ્ટેડ કેરિયર્સમાં ગો એરે એકમાત્ર નફો કરનાર એરલાઈન્સ તરીકે રહેવામાં સફળતા હાંસલ કરી છે. એર ઈન્ડિયા, એર એશિયા જેવી એરલાઈન્સને મુશ્કેલી નડી રહી છે. પહેલી જુલાઈના દિવસે જીએસટી વ્યવસ્થા દેશભરમાં અમલી કરી દેવામાં આવી હતી.













